આંક–૬

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૯૧૨૮/૨૦૧૮**
**જુનો ફોજદારી કેસ નં.૧૪૮૭/૨૦૧૦**

ફરિયાદી :– ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ.

: વિરૂઘ્ઘ :

આરોપીઓ :– ૧) શ્રી અનિલભાઈ ડી. સોલંકી ( ભાગીદાર )
સોહમ ડેવલોપર્સ,
૮/૦, શ્રીનંદ સીટી, અમદાવાદ–બરોડા એક્ષપ્રેસ રોડ,
રામોલ, અમદાવાદ.

ગુન્હો:–ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩ ના નિયમ–૭૨ ના ભંગ બદલ કલમ–૪૭ મુજબ.

**<u>–: ચૂ કા દો :–</u>**

**(૧)** હાલનો ફોજદારી કેસ લેબર કોર્ટ અમદાવાદમાં દાખલ કરતા અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ફરીયાદી ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. ઉપરોકત કેસની ફરીયાદ હકીકત જોવામાં આવે તો ફરીયાદી સદરહુ કાયદાની કલમ ૪૨ અન્વયે નિરીક્ષક છે અને આરોપીઓએ **ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩ ના નિયમ–૭૨** ભંગ કરેલ હોઈ અને તેમ કરીને સદરહુ કાયદાની **કલમ ૪૭** હેઠળનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરીયાદ રજુ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસમાં આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂઘ્ઘ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ

છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપીઓ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩ ના નિયમ–૭૨** નો ભંગ કરીને તે કાયદાની **કલમ ૪૭** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે, અને તે ગુનો આરોપીઓ સ્વેચ્છાએ કબૂલ કરતા હોઈ, તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩** ના **નિયમ–૭૨** ના ભંગ બદલ તે કાયદાની **કલમ–૪૭** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) તેમ કુલ મળીને **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩–૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(નાગદાનભાઈ કે. ડાભી )**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)લેબર કોર્ટ,**
**અમદાવાદ.**
**CODE : GJ01030**